CHIPS Express
પરદેશ પાર્સલ સેવા
chipsgnd@gmail.com
www.chipsairexp.com
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૧૪ | ૧૪ ઓક્ટોબર, ૨૦૧૯, સોમવાર; આસો વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ...તો કોંગ્રેસ ૩૭૦ને ફરી લાવે : મોદી

## મહારાષ્ટ્ર મિશન પર મોદીએ પ્રચાર દરમિયાન આકરા પ્રહાર કર્યા : કલમ ૩૭૦ની નાબૂદીના પ્રશ્ને કોંગ્રેસ તેમજ એનસીપીની જોરદાર ઝાટકણી કાઢી : મહારાષ્ટ્રમાં પ્રથમ ચૂંટણી રેલી

મુંબઈ, તા. ૧૩

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં પ્રચાર ચરમસીમા પર છે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ મોરચા સંભાળી લીધા હતા. ચૂંટણીના એક સપ્તાહ પહેલા જ મોદીએ મહારાષ્ટ્ર મિશન હાથ ધરીને ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કર્યો હતો. મિશન મહારાષ્ટ્ર પર રહેલા મોદીએ આજે જલગાંવ અને ભંડારામાં ચૂંટણી પ્રચાર કરીને કોંગ્રેસ પાર્ટી અને એનસીપી પર પ્રહાર કર્યા હતા. ધમાકેદાર ચૂંટણી પ્રચારની શરૂઆત કરતા મોદીએ કલમ ૩૭૦, ૩૫એ, ત્રિપલ તલાક જેવા મુદ્દા પર વિપક્ષને ઘેરતા પોતાના ઘોષણાપત્રમાં આ ઐતિહાસિક નિર્ણયોને બદલી દેશે તેમ લખીને બતાવવા કોંગ્રેસ અને વિરોધીઓને પડકાર ફેંક્યો હતો. ભારતના નવા જોશને સમગ્ર દુનિયા નિહાળી રહી છે.

૩૭૦ પર કોંગ્રેસને ખુલ્લો પડકાર ફેંક્યો હતો અને આ મુદ્દે વલણ સ્પષ્ટ કરવા માટે પણ પડકાર ફેંક્યો હતો. ૩૭૦ પર ઐતિહાસિક નિર્ણયને બદલી નાંખશે તેમ ઘોષણાપત્રમાં લખી બતાવવા પડકાર ફેંક્યો હતો. મોદીએ કહ્યું હતું કે, વિપક્ષ માત્ર દેખાવા પુરતા વિરોધ પ્રદર્શન કરીને લોકોને ગેરમાર્ગે દોરે છે. પાકિસ્તાનના નામનો ઉલ્લેખ કર્યા વગર તેમણે કોંગ્રેસ પર પડોશી દેશની ભાષા બોલવાનો આક્ષેપ કર્યો હતો. પોતાના ભાષણની શરૂઆતમાં મોદીએ કહ્યું હતું કે, નવા ભારતના જુસ્સાને સમગ્ર દુનિયા જોઈ



રહી છે અને મજબૂતી સાથે સાંભળી પણ રહી છે. વિરોધીઓને પડકાર ફેંકતા કહ્યું હતું કે, કોંગ્રેસ અને અન્યોમાં જો હિંમત છે તો આ ચૂંટણીમાં વલણ સ્પષ્ટ કરીને સપાટી ઉપર આવે. જમ્મુ કાશ્મીર અને લડાખના વિષય પર આડેધડ નિવેદનબાજી કરવાના બદલે ઘોષણાપત્રમાં જાહેરાત કરીને બતાવે ત્યારે લોકોને વિશ્વાસ બેસશે. કલમ ૩૭૦ અને ૩૫એને પરત લઈને આવશે તેવી જાહેરાત કરી બતાવવા કોંગ્રેસને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. મોદીએ કહ્યું હતું કે, જો જાહેરાત કરવાની હિંમત નથી તો બિનજરૂરીરીતે હોબાળો કરવાનું બંધ કરવું જોઈએ. મોદીએ કહ્યું હતું કે, પાંચમી ઓગસ્ટના દિવસે ભાજપ સરકારે અભૂતપૂર્વ ફેંસલો કર્યો હતો અને લોકોની અપેક્ષા મુજબ નિર્ણય કરવામાં આવ્યો હતો. કોઈ સમયે આ અંગે વિચારણા કરવાની પણ કોઈમા હિંમત ન હતી પરંતુ આજે નિર્ણય લેવાઈ ચુક્યો છે. જમ્મુ કાશ્મીર અને લડાખના ગરીબ લોકો, બહેન-પુત્રીઓ, દલિતો અને શોષિતોના વિકાસની શક્યતા પહેલા નહીવત સમાન હતી. આજે જ્યારે અમે વાલ્મિકી જયંતિ મનાવી રહ્યા છે ત્યારે સ્થિતિમાં ઉલ્લેખનીય સુધારો થઈ ચુક્યો છે. માનવ અધિકાર તમામને મળી ચુક્યા છે. અગાઉની સ્થિતિમાં જ્યારે કલમ ૩૭૦ની સ્થિતિ હતી ત્યારે માત્ર અલગતાવાદી અને કટ્ટરપંથી ગતિવિધિ ચાલી રહી હતી.

મોદીએ કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીર અને લડાખ અમારા માટે માત્ર જમીનના ટુકડા તરીકે નથી પરંતુ ભારતના મસ્તક તરીકે છે. ત્યાના જીવન ભારતની વિચારધારા અને શક્તિને મજબૂત કરે છે. આસપાસની નાપાક શક્તિઓની બાજનજરથી જમ્મુ કાશ્મીરની શાંતિને ભંગ કરવાથી રોકવાના પ્રયાસ થઈ રહ્યા છે. ખૂનખરાબાને રોકવા માટે આ કલમો દૂર કરવામાં આવી છે. ત્રિપલ તલાક પર કોંગ્રેસ સહિત વિરોધ પક્ષોની પણ ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, આ તમામ પક્ષોએ વિરોધ કર્યો હોવા છતાં અમે મુસ્લિમ માતાઓ અને બહેનોને વચન આપી ચુક્યા છે જેને પાળી બતાવ્યું છે. ફરીથી ત્રિપલ તલાક કાનૂન લવાશે તેવી જાહેરાત કરી બતાવવા પણ મોદીએ કોંગ્રેસને પડકાર ફેંક્યો હતો. મોદીએ કહ્યું હતું કે, ૪૦ વર્ષથી જે અસામાન્ય સ્થિતિ હતી તે સામાન્ય બનાવવામાં ચાર મહિનાથી પણ ઓછો સમય લાગ્યો છે પરંતુ કેટલાક પક્ષો રાષ્ટ્રહિતમાં લેવામાં આવેલા નિર્ણય પર રાજનીતિ રમી રહ્યા છે.

### અમિત શાહના કોંગ્રેસ પર પ્રહાર

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આગામી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં રાજ્યની જનતાની સામે મોદી સરકારની ઉપલબ્ધીઓને ગણાવતા આજે વિપક્ષ ઉપર આકરા પ્રહાર કર્યા હતા. અમિત શાહે પ્રજાને અપીલ કરતા કહ્યું હતું કે, આગામી વખતે પણ મોદી અને રાહુલમાંથી કોની પસંદગી કરવાની છે. આ પ્રસંગે અમિત શાહે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના એવા નિવેદનનો ઉલ્લેખ કર્યો હતો જેમાં તેઓએ ભાજપના નેતાઓ ઉપર ચોલા ઓઢકર ખૂન કી દલાલી કરવાનો આક્ષેપ કર્યો હતો. મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં ચૂંટણી જનસભામાં બોલતા અમિત શાહે કહ્યું હતું કે, મહારાષ્ટ્રની જનતાની સામે બે વિકલ્પો રહેલા છે. એકબાજુ મોદી, દેવેન્દ્ર ફડનવીસ અને ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં ભાજપ-શિવસેના છે.

## મહારાષ્ટ્રમાં નવ જનસભા યોજવા માટે મોદી સુસજ્જ

મહારાષ્ટ્રમાં ૨૧મી ઓક્ટોબરના દિવસો વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજાનાર છે ત્યારે પોતાની પ્રથમ રેલીને સંબોધતા મોદીએ આજે વિરોધીઓ ઉપર પ્રહાર કર્યા હતા. સાથે સાથે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસની ભરપુર પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, ફડનવીસને તમામ લોકો તરફથી સન્માન મળી રહ્યું છે. તેમના પાંચ વર્ષના કામના કારણે લોકો તેમને પસંદ કરી રહ્યા છે. મહારાષ્ટ્રમાં સરકાર ભ્રષ્ટાચાર મુક્ત રહી છે અને તમામ લોકોની અંદર આત્મવિશ્વાસને જગાવી રહી છે. વિધાનસભાની અગાઉની ચૂંટણી વેળા મતદારોએ ટ્રેલર બતાવ્યું હતું અને હવે સંપૂર્ણ ફિલ્મ બતાવવા માટે મતદારો તૈયારછે. તેમણે ઉમેર્યું હતું કે, ખેડૂતો અને ઉદ્યોગો સહિત તમામ લોકોની અંદર ફડનવીસ સરકાર વિશ્વાસ સાથે આગળ વધી રહી છે. દુનિયાભરમાં ભારતને સન્માન મળી રહ્યું છે જેમાં સામાન્ય લોકોનો જુસ્સો સામેલ છે. મહારાષ્ટ્ર અને હરિયાણાની માતા-બહેનોને તેઓ અપીલ કરવા માંગે છે કે, લોકસભાની ચૂંટણીમાં મતદાન કરીને મહિલાઓએ પુરુષોની બરોબરી કરી હતી.

### મોદી સરકાર પર રાહુલના તીવ્ર પ્રહારો

મહારાષ્ટ્રના લાતુરમાં ચૂંટણી સભાને સંબોધતા કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ ચીની પ્રમુખ જિનપિંગના ભારત પ્રવાસના બહાને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહારો કર્યા હતા. સાથે સાથે એમ પણ કહ્યું હતું કે, ડોકલામમાં શું થયું હતું તેવો પ્રશ્ન પણ મોદી કરી શક્યા નથી. રાહુલ ગાંધીએ જિનપિંગના ભારત પ્રવાસના મામલે મોદી ઉપર પ્રહાર કર્યા હતા. મોદી મેક ઈન ઈન્ડિયાને મેક ઈન ચાઈનામાં બદલવાના પ્રયાસ કરી રહ્યા છે. મોદી સરકારે દેશની અર્થવ્યવસ્થાને સંપૂર્ણપણે બરબાદ કરી દીધી છે. રાહુલ ગાંધીએ આક્ષેપો કરતા કહ્યું હતું કે, ચંદ્ર ઉપર રોકેટ મોકલવાથી યુવા લોકોના પેટ ભરશે નહીં.

# ભારતની ઈનિંગ્સ અને ૧૩૭ રને શાનદાર જીત

## દક્ષિણ આફ્રિકા પર શ્રેણી ૨-૦થી જીતી લીધી : કોહલીના ૨૫૪ રન બાદથી ભારતીય બોલરોની શાનદાર બોલિંગ સામે આફ્રિકાના બેટ્સમેનો બંને ઈનિંગ્સમાં ફ્લોપ

ટીમ ઈન્ડિયાએ પુણે ટેસ્ટમાં દક્ષિણ આફ્રિકાને એક ઈનિંગ્સ અને ૧૩૭ રને હાર આપીને ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણી ૨-૦થી જીતી લીધી છે. કેપ્ટન વિરાટ કોહલીના અણનમ ૨૫૪ રન બાદ ભારતીય બોલરોના શાનદાર દેખાવના પરિણામ સ્વરુપે ભારતે આ ટેસ્ટ મેચ ચોથા દિવસે જ પોતાના નામ ઉપર કરી હતી. પ્રથમ ઈનિંગ્સમાં ૨૭૫ રન પર ઓલઆઉટ થઈ ગયા બાદ દક્ષિણ આફ્રિકાને કેપ્ટન વિરાટ કોહલીએ ફોલોઓનની ફરજ પાડી હતી અને બીજી ઈનિંગ્સમાં આફ્રિકાના બેટ્સમેન ફરી એકવાર નિસહાય દેખાયા હતા. બીજી ઈનિંગ્સ ચોથા દિવસે અંતિમ સેશનમાં ટી બાદ પૂર્ણ થઈ ગઈ હતી. ટીમ ઈન્ડિયાએ આ ટેસ્ટ મેચમાં વિરાટ કોહલીની



બેવડી સદી અને મયંક અગ્રવાલના ૧૦૮ રનની મદદથી પ્રથમ ઈનિંગ્સમાં પાંચ વિકેટે ૬૦૧ રન બનાવ્યા હતા. મહેમાન દક્ષિણ આફ્રિકાની ટીમ પોતાની બે ઈનિંગ્સ ૨૭૫ અને ૧૮૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આની સાથે જ બંને ઈનિંગ્સ મળીને પણ આફ્રિકાની ટીમ ભારતના સ્કોર સુધી પહોંચી શકી ન હતી. ટીમ ઈન્ડિયાના તમામ બોલરોએ જોરદાર દેખાવ કર્યો હતો. આફ્રિકાના બેટ્સમેનો મેદાન ઉપર ટકી શક્યા નહતા. જે પીચ ઉપર દક્ષિણ આફ્રિકાની ટીમ ઝડપી અને સ્પીન બોલિંગ સામે નિસહાય દેખાઈ હતી ત્યાં ભારતીય બોલરોએ શાનદાર રમત દર્શાવી હતી. બીજી ઈનિંગ્સમાં ઉમેશ, રવિચંદ્રન અશ્વિન અને જાડેજાએ બે-બે વિકેટ ઝડપી હતી. પ્રથમ ઈનિંગ્સમાં ઉમેશ યાદવે ત્રણ અને રવિચંદ્રન અશ્વિને ૪ વિકેટ ઝડપી હતી. ટીમ ઈન્ડિયાના ત્રણ ઝડપી બોલરોએ પણ ઉપયોગી બોલિંગ કરી હતી. સ્પીનર અશ્વિન અને જાડેજાએ પણ વિકેટો મેળવી હતી. શનિવારના દિવસે આફ્રિકાની ટીમ પ્રથમ ઈનિંગ્સમાં ૨૭૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. મેચના ચોથા દિવસે ફોલોઓનની ફરજ પડ્યા બાદ આફ્રિકા ટીમ કોઈ પ્રભાવ પાડી શકી ન હતી. પ્રથમ ઈનિંગ્સના આધાર પર ૩૨૬ રનની લીડ મેળવનાર ટીમ ઈન્ડિયા એક સમયે ૪૦૦ રનની લીડ મેળવશે પરંતુ નવમી વિકેટની ભાગીદારીમાં પ્રથમ ઈનિંગ્સમાં કેશવ મહારાજ (૭૨) અને ફિલાન્ડર (૪૪) નવમી વિકેટની ભાગીદારીમાં ઉપયોગી રન બનાવીને ટીમના સ્કોરને સન્માનજનક સુધી પહોંચાડ્યો હતો.

# દુનિયામાં ભારતના મુસ્લિમ સૌથી વધુ સુખી છે : ભાગવત

ભુવનેશ્વર, તા. ૧૩

ઓરિસ્સાના પાટનગર ભુવનેશ્વરમાં આયોજિત કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચેલા સંઘ પ્રમુખ મોહન ભાગવતે કહ્યું હતું કે, સંઘનો ઉદ્દેશ્ય ભારતમાં પરિવર્તન માટે માત્ર હિન્દુઓને જ નહીં બલ્કે સમગ્ર સમાજને સંગઠિત કરવાનો રહેલો છે. અખિલ ભારતીય કારોબારી મંડળની બેઠકના ભાગરુપે પહોંચેલા મોહન ભાગવતે સભાને સંબોધતા કહ્યું હતું કે, સમાજને સંગઠિત કરવાની ખુબ જરૂર દેખાઈ રહી છે. સંઘ આ દિશામાં કામ કરી રહ્યું છે. સંઘ પ્રમુખે દાવા સાથે કહ્યું હતું કે, દુનિયામાં ભારતના મુસ્લિમો સૌથી અમીર છે. આનું મુખ્ય કારણ અમે હિન્દુ લોકો છીએ. યહૂદીઓને જ્યારે તમામ લોકોએ ફગાવી દીધા હતા ત્યારે તેમને પણ ભારતે અપનાવ્યા હતા. દુનિયામાં પારસી ધર્મ માત્ર ભારતમાં સુરક્ષિત છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, સંઘના લોકો કોઈની સાથે નફરત કરતા નથી. સમાજને સંગઠિત કરવાનું કામ કરે છે. પોતાના સંબોધનમાં ભાગવતે કહ્યું હતું કે, અમારી કોઈના પ્રત્યે કોઈ ઘૃણા નથી. સારા સમાજના નિર્માણ માટે એક સાથે આગળ વધવાની જરૂર છે. ઓરિસ્સાના નવ દિવસના પ્રવાસે પહોંચેલા ભાગવતે કહ્યું હતું કે, ભાવ, વિચાર અને સંસ્કૃતિમાં વિવિધતા હોવા છતાં ભારતના લોકો તમામ એક સમાન અનુભવ કરે છે.



# પાકની નાપાક હરકત : ફરી અંકુશ રેખા પર ગોળીબાર

નવીદિલ્હી, તા. ૧૩

પાકિસ્તાન તરફથી સરહદપારથી નાપાક હરકતો જારી રહી છે. જમ્મુ કાશ્મીરમાં પાકિસ્તાને સતત યુદ્ધવિરામનો ભંગ જારી રાખ્યો છે. શનિવારના દિવસે પાકિસ્તાને ફરી એકવાર યુદ્ધ વિરામનો ભંગ કરીને જોરદાર ગોળીબાર કર્યો હતો. નાગરિક વિસ્તારમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો જેથી લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. જમ્મુ કાશ્મીરમાં યુદ્ધવિરામના અવિરત ભંગ વચ્ચે ગોળીબારથી અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર તંગદિલી ફેલાયેલી છે. કઠુઆના હિરાનગર સેક્ટરમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. જો કે, ભારતીય સેનાએ આનો જડબાતોડ જવાબ આપ્યો હતો. બીએસએફના સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ પાકિસ્તાન તરફથી કોઈપણ ઉશ્કેરણીવગર ગોળીબાર કરાયો હતો. કઠુઆના હિરાનગર સેક્ટરમાં આવાસી વિસ્તારોમાં ગોળીબાર કરતા લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી અને ઘણા લોકો સુરક્ષિત સ્થળોએ જતા રહ્યા હતા.

શનિવારે મોડી રાત્રે ગોળીબારની શરૂઆત કરવામાં આવ્યા બાદ આજે વહેલી પરોઢ સુધી ગોળીબાર ચાલ્યો હતો. શુક્રવારના દિવસે પણ અંકુશરેખા પર પાકિસ્તાને ગોળીબાર કર્યો હતો જેમાં એક જવાનનું મોત થયું હતું. બીજી બાજુ ભારતીય સેનાના નોર્થન આર્મી કમાન્ડર લેફ્ટી જનરલ રણબીરના કહેવા મુજબ એલઓસી નજીક પાકિસ્તાનના કબજાવાળા કાશ્મીરમાં આશરે ૫૦૦ જેટલા આતંકવાદીઓ ભારતમાં ઘુસણખોરી કરવા માટેના પ્રયાસમાં છે. સિંહે કહ્યું હતું કે, આતંકવાદીઓની સંખ્યા એલઓસી નજીક ટ્રેનિંગ કેમ્પો મુજબ ઓછી અને વધારે હોય છે. તેમની ગણતરી કરવી ખુબ મુશ્કેલ હોય છે. અમારા સુરક્ષા દળો શાંતિ અને સામાન્ય સ્થિતિ જાળવી રાખવા માટે સંપૂર્ણપણે સજ્જ બનેલા છે. પાકિસ્તાન તરફથી જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ની નાબૂદી

### બિકાનેરમાં ૪.૫ની તીવ્રતાની સાથે ધરતીકંપ

બિકાનેર, તા.૧૩

રાજસ્થાનના બિકાનેરમાં આજે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર ૪.૫ જેટલી આંકવામાં આવી છે. મિડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સવારે ૧૦.૩૬ વાગ્યાની આસપાસ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપના આંચકા બાદ સ્થાનિક લોકોમાં અફડાતફડી મચી ગઈ હતી. આ ગાળા દરમિયાન લોકો ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા.

સવારે ૧૦.૩૬ વાગ્યાની આસપાસ જિલ્લા અને ગ્રામિણ વિસ્તારોમાં આંચકો આવ્યો ત્યારે લોકો દહેશતમાં મુકાઈ ગયા હતા. અલબત્ત આજે રવિવાર હોવાના કારણે સરકાર અને અન્ય કેચરીઓ બંધ રહી હતી જેથી સ્થિતિમાં વધારે કોઈ અસર થઈ નહતી.

# વિશ્વ બેન્કે ભારતનો વિકાસ દર ઘટાડીને ૬ ટકા કર્યો

વૉશિંગ્ટન,તા.૧૩

આર્થિક મંદીની વચ્ચે ભારતને વિશ્વ બેંક તરફથી વધુ એક ઝટકો મળ્યો છે. વિશ્વ બેંકે હવે ભારતના વિકાસ દરનું અનુમાન ઘટાડ્યું છે. વિશ્વ બેંકે ભારતનો ગ્રોથ રેટ ઘટાડીને ૬ ટકા કર્યો છે. જોકે વર્ષ ૨૦૧૮-૧૯માં ભારતનો ગ્રોથ રેટ ૬.૯ ટકા રહ્યો હતો. જોકે સાઉથ એશિયાની ઈકોનોમિક ફોકસની લેટેસ્ટ એડિશનમાં વિશ્વ બેંકે એમ પણ કહ્યું છે વર્ષ ૨૦૨૧માં ભારત તેનો ગ્રોથ રેટ ૬.૯ ટકા ફરીથી રિકવર કરી શકે છે. વિશ્વ બેંકે કહ્યું છે કે સતત બીજા વર્ષે પણ આર્થિક વિકાસ દરની ગતિ ઘટી રહી છે. ૨૦૧૭-૧૮માં તે ૭.૨% હતો, જે ૨૦૧૮-૧૯માં ઘટીને ૬.૮% થયો હતો. જોકે મેન્યુફેકચરિંગ અને કન્સ્ટ્રક્શન વધવાથી ઈન્ડસ્ટ્રિયલ આઉટપુટ ગ્રોથ વધીને ૬.૯ ટકા થયો છે જ્યારે એગ્રીકલ્ચર અને સર્વિસ સેક્ટરમાં ગ્રોથ ૨.૯ ટકા અને ૭.૫ ટકા રહ્યો હતો.

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ



ફ્રી કેમ્પ દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે: ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય : SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

દિપાવલીના તહેવારો માટે
ફ્રેશ ડ્રાયફ્રુટ, ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ



અરિહંત ડ્રાયફ્રુટ્સ
રૂ. ૨૫૦ થી ૨૫૦૦ સુધીની ૫૦ કરતાં વધુ વેરાઈટીઝના બોક્ષ
C/O રૂષભ એન્ટરપ્રાઈઝ
સહજાનંદ કોમ્પલેક્ષ (બેઝમેન્ટ) સેક્ટર-૩૦ ચાર રસ્તા, નમસ્તે સર્કલ પાસે, સેક્ટર-૩૦, અક્ષરધામ રોડ, ગાંધીનગર
હેમાંગ આર. ગાંધી 93777 23164 | આર. ડી. ગાંધી 99241 23164
ખાલી ડ્રાયફ્રુટ બોક્ષ હોલસેલ ભાવે છૂટકમાં ઉપલબ્ધ.